ઈ-મેઈલ મેસેજ

પ્રતિ :- ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )
જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર
(gswan-conn@gujarat.gov.in)
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ
પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.
**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૬/૨૦૨૫ તા.૧૩/૦૧/૨૦૨૫
**વિગત :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૬/૦૧/૨૦૨૫ થી તા.૧૨/૦૧/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચા/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

**મહીલા પો.સ્ટે.**

(૧) તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ .કે.એમ.સૈયદ દ્વારા શ્રી ઘેડીયા રાજપરા પ્રાથમિક શાળા પોરબંદર જઈને વિદ્યાર્થીની બહેનોને સેલ્ફ ડિફેન્સ તેમજ પોતાની સુરક્ષા કઈ રીતે કરવી તે માટે જાણકારી આપી ગુડ ટચ બેડ ટચ એવરનેસ કાર્યક્રમ કરી, વિદ્યાર્થીઓને લગત સી ટીમની કામગીરી કરેલ, જેમા મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈ-૧૯૩૦, પોકસો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી .તેમજ નિરાધાર મહિલાઓની મદદ માટે ૧૦૦ નંબર તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય. તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ .તેમજ ટ્રાફિકને લગત જરૂરી માર્ગદર્શન આપેલ.

(૨) તા.૦૮/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. કે.એમ.સૈયદ દ્વારા પોરબંદર પારસડેરી ખાખચોક પાસે આવેલ પ્રાથમિક શાળા પોરબંદર જઈને વિદ્યાર્થીની બહેનોને સેલ્ફ ડિફેન્સ તેમજ પોતાની સુરક્ષા કઈ રીતે કરવી તે માટે જાણકારી આપી ગુડટચ બેડટચ અવરનેસ કાર્યક્રમ કરી વિદ્યાર્થીઓને લગત સી ટીમની કામગીરી કરેલ, જેમા મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમાં પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. તેમજ નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય. તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ. તેમજ ટ્રાફિકને લગત જરૂરી માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

**કમલાબાગ પો.સ્ટે.**

તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ કમલાબાગ પો.સ્ટે. સી ટીમ પી.એસ.આઇ જે.એલ.જાડેજા નાઓ લોઢીયા અંધજન પુસ્તકાલય તથા નેતર વાળા અંધ વૃદ્ધાશ્રમ પોરબંદર ખાતે વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધો સાથે મુલાકાત લઈ ખબર અંતર પુછી તેમની સાથે સંવાદ કરેલ સાથે અંધવૃદ્ધાશ્રમના સંચાલક અનિલભાઈ કાનજીભાઈ પોપટ નાઓની પણ મુલાકાત લીધેલ.

**મહીલા પો.સ્ટે.**

(૧) તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સી ટીમના અધિકારી/કર્મચારી દ્વારા સુદામા મંદિરમાં આવેલ બહેનોને મહિલા સુરક્ષા તથા મહિલા હેલ્પ લાઇન ૧૮૧ તથા ૧૦૦ નંબર વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

(૨) તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સી ટીમના અધિકારી/કર્મચારી દ્વારા સ્કુલ/કોલેજ/વાડીપ્લોટ/ચોપાટી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપેલ.

(૩) તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સી ટીમના અધિકારી/કર્મચારી દ્વારા સુદામાચોક /બંગડી બાજાર/ચોપાટી/શાક્માર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમની કામગીરી વિષે માહીતગાર કરેલ છે.

(૪) તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ પો.સબ.ઈન્સ. કે.એમ.સૈયદ દ્વારા સુદામા મંદીર ખાતે સિનિયર સિટીઝનની મુલાકાત લીધેલ અને વૃદ્ધાવસ્થામાં દીકરા અને વહુવારુ સારી રીતે સાચવે છે ને જે બાબતે હાલ ચાલ પૂછી અને કોઈપણ જાતની તકલીફ હોય તો પોલીસને જાણ કરવા માહિતી આપેલ.

(૫) તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સી ટીમના અધિકારી/કર્મચારી દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૬) તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સી ટીમના અધિકારી/કર્મચારી દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડભાડવાળી જગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ. જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપેલ.

(૭) તા.૧૨/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સી ટીમના અધિકારી/કર્મચારી દ્વારા સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી /શાક્માર્કેટ /ભીડભાડ વાળા વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

**કમલાબાગ પો.સ્ટે.**

તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ પતંગ-દોરીનુ ઉત્પાદન વેચાણ કરતા વિક્રેતાઓને ચેક કરવા અંગેની ડ્રાઇવ રાખવામા આવેલ હોય સદર ડ્રાઇવ દરમ્યાન મીલપરા ચોકી વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન PSI શ્રી જે.એલ. જાડેજા તથા WPC મંજુબેન માલદેભાઇ દ્વારા ચોકી

વિસ્તારમાં પતંગ-દોરીનુ ઉત્પાદન વેચાણ કરતા વિક્રેતાઓને ચેક કરી તેમજ ચાઈનીઝ માજા, નાયલોન, પ્લાસ્ટીક દોરી, કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનીકારક પદાર્થો તેમજ નાયલોન તેમજ અન્ય સીંથેટીક માંઝા, સિન્થેટીક પદાર્થોથી કોટીંગ કરેલ હોય અને નોન બાયોડીગ્રેબલ હોય તેવી લારીઓ માઝાઓ ચેક કરી તેમજ વિક્રેતાઓને તે બાબતની સમજ કરી અને તેમજ પ્રતીબંધીત વસ્તુના વેચાણ કરવાથી કાયદેસરની કાર્યવાહી કરવામા આવસે. જે અંગે સમજ કરેલ.

**<u>મહીલા પો.સ્ટે.</u>**

(૧) તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ મહીલા પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ. કે.એમ.સૈયદ તથા એ.સી.નિમાવત તથા મહીલા હેલ્પલાઈન ૧૮૧ ના સ્ટાફ દ્વારા ઈન્દ્રેશ્વર મંદિર પાસે પેટ્રોલીંગ દરમ્યાન મહિલાઓને એકઠી કરી મહિલાઓને સુરક્ષા તથા ૧૦૦ નંબર તથા મહીલા હેલ્પલાઈન ૧૮૧ વિશે માહિતગાર કરેલ. તેમજ ઘરેલુ હિંસા તેમજ શારીરિક માનસિક દુઃખત્રાસ તેમજ કોઈ પજવણી કરે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવાનું જણાવેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

(૨) તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ મહીલા પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ. કે.એમ.સૈયદ તથા એ.સી.નિમાવત તથા મહીલા હેલ્પલાઈન ૧૮૧ ના સ્ટાફ દ્વારા ઈન્દ્રેશ્વર મહાદેવના મંદિર પાસે આવતા ત્યાં એક ભિક્ષુક ભીખ માગવા બેસેલો હોય તેઓની પાસે જઈને પૂછપરછ કરેલ કે તમો ભિક્ષા કેટલા ટાઈમથી માંગો છો અને શા માટે ભિક્ષા માંગો છો વગેરે બાબતો પૂછપરછ કરતા ભિક્ષુકે પોતાનું નામ રામનાથ રામદાસ ચંદેર ઉ.વ.૭૦ જેઓ ગવારીયર મધ્યપ્રદેશ વાળાની મુલાકાત લીધેલ. જેઓ આ મંદિર પાસે આવેલ આનંદ આશ્રમમાં છેલ્લા ૧૦ વર્ષથી રહે છે અને ભીક્ષાવૃત્તી કરે છે જેઓની મુલાકાત લીધેલ અને તેમની પુછપરછ કરેલ અને કોઇ મદદ/જરૂરત હોય તો અમો પોલીસ તમારી મદદ કરી એ તે અંગે સમજ કરેલ.

(૩) તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ પી.એસ.આઈ કે.એમ.સૈયદ દ્વારા લીમડા ચોક શાકમાર્કેટ ફૂટ પાથ ઉપર ભિક્ષુક ભીખ માંગી ત્યાંજ ફુટ પાથ ઉપર બેઠેલ તેમની પાસે જઈ તેઓની મુલાકાત લીધેલ. ભિક્ષુકને શાંતિપુર્વક પ્રેમથી તેમનું નામઠામ પુછેલું તેમજ તેમના પરિવાર વિશે માહિત મેળવેલ. બાદ ભિક્ષા નહીં માંગવા અને તેમના પરિવાર સાથે મિલન કરાવવા પોલીસ મદદ કરવા તૈયાર છે. તેમ જણાવેલ અને જો તમારા પરિવાર ના સદસ્યો કોઈ તમોને રાખવા તૈયાર ન હોય તો વૃદ્ધાશ્રમમાં આશ્રય માટે મુકવા આવવા પોલીસ તમોને મદદ કરવા માટે તૈયાર છે જે બાબતે સમજ કરેલ.

(૪) તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ પો.સબ.ઈન્સ. કે.એમ.સૈયદ દ્વારા  ફુટ પેટ્રોલિંગ દરમ્યાન શાળા અને કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેનો અભ્યાસ કરીને ઘરે પરત થવા માટે બસની રાહ જોઈને હાર્મની હોટલ પાસે બસ સ્ટેન્ડ બસની રાહ જોઈને ઉભેલ વિદ્યાર્થીની બહેનો પાસે જઈને સેલ્ફ ડિફેન્સ તેમજ પોતાની સુરક્ષા કઈ રીતે કરવી તે અંગે જાણકારી આપી. તેમજ શાળા તથા કોલેજ આવતા જતા રસ્તામાં  હીરો બની રોમિયો ગીરી કરતા ઇસમોથી બચીને રહેવા સુચના આપેલ. તેમજ આવા કોઈ ઇસમ જણાઈ આવે તો ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસને જાણ કરવા અપીલ કરી મહિલા જાગૃતિ એવરનેશ કાર્યક્રમ કરી મહીલાઓને લગત સી ટીમની કામગીરી કરેલ જેમા મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમાં પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. તેમજ નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૫) તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ પી.એસ.આઈ કે.એમ.સૈયદે તથા એ.સી.નિમાવત તથા મહીલા હેલ્પ લાઈન ૧૮૧ ના સ્ટાફ સાથે ડ્રાઈવ અંતર્ગત ઈન્દ્રેશ્વર મંદીરે ભિક્ષુક ભીખ માંગી રહેલ ભીક્ષુકની મુલાકાત  લીધેલ ભિક્ષુકને શાંતિપુર્વક પ્રેમથી તેમનું નામ પુછતા પોતાનુ નામ રામગીરી બાબાજી, ઉ.વ.૮૩ વર્ષ પહેલા પોરબંદર ટ્રેનમાં આવેલ હોય ભીખ માંગીને પોતાનું જીવન ગુજારતા હોય તેમના પરિવાર વિશે માહિત ગારી મેળવેલી બાદ  ભિક્ષા નહીં માંગવા અને તમારા પરિવાર સાથે મિલન કરાવવા માટે પોલીસ તમોને મદદ કરવા તૈયાર છે. તેમ જણાવેલ અને જો તમારા પરિવારના સદસ્યો કોઈ તમોને રાખવા તૈયાર ન હોય તો તમને વૃદ્ધાશ્રમમાં આશ્રય માટે મુકવા આવવા પોલીસ મદદ કરવા માટે તૈયાર છે. તે અંગે સમજ કરેલ.

(૬) તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ પી.એસ.આઈ કે.એમ.સૈયદે દ્વારા હનુમાનજી મંદિર પાસે ફૂટ પાથ ઉપર વિકલાંગ ભિક્ષુક ભીખ માંગી ત્યાંજ ફુટ પાથ ઉપર રહેતા હોય તેની મુલાકાત લીધેલ ભિક્ષુકને શાંતિપૂર્વક પ્રેમથી તેમનું નામ ઠામ પુછતા દક્ષાબેન રમણીક લાલ જોષી રહે.ખંભાળિયા છેલ્લા એક વર્ષથી પોરબંદર ખાતે યાત્રા કરવા આવેલ ત્યાર પછી તે અહીં જ પોરબંદર રહી ગયેલ હોય તેમના પરિવાર વિશે માહિત મેળવેલી અને ભિક્ષા નહીં માંગવા અને તમારા પરિવાર સાથે મિલન કરાવવા માટે પોલીસ મદદ કરવા તૈયાર છે. તેમ જણાવેલ. તેમજ ભીક્ષુકના દીકરાઓના નામ સરનામું અને મોબાઈલ નંબર મેળવવી તેમના પરિવાર સાથે મિલન કરાવવા તજવીજ કરવા નોંધ રાખી.

(૭) તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પો.ઈન્સ. વાય.જી.માથુકીયા તથા પો.સબ.ઈન્સ. એ.સી.નિમાવત તથા લોકરક્ષક ઉર્મીલાબેન દ્વારા ચોપાટી પાસે આવેલ પંતગના સ્ટોલમાં જઈને સ્ટોલના સંચાલકોને ચાઈનીઝ દોરનુ તથા નાયલોન અથવા અન્ય સીન્થેટીક માઝા, કાચ પાયેલી દોરીઓ તથા અન્ય હાનીકારક દોરીઓનું વહેંચાણ નહીં કરવાનું જણાવેલ. તેમજ જિલ્લા કલેક્ટર સાહેબનું જાહેર નામાનુ પાલન કરવાની સમજ કરેલ.

(૮) તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. કે.એમ.સૈયદ તથા લોકરક્ષક ઉર્મિલાબેન દ્વારા ગોઢાણીયા કોલેજ વિસ્તારમાં પેટ્રોલિંગ હતા. તે દરમિયાન ગોઢાણીયા કોલેજની સામે   ત્રણ યુવાનો ઉભેલ હોય. જેઓની પૂછપરછ કરેલ અને તેઓનું નામઠામ પૂછી તેની પાસે તેઓનું ઓળખ પત્ર જોવા માટે માંગેલ અને વેરીફાઈ કરેલ કે અમોને જણાવેલ નામ અને સરનામું તેઓના કહીયા મુજબ બરાબર અને ખરૂ હોય અને તેઓને કોલેજ સામે નહીં ઉભા રહેવા સખત શબ્દોમાં સૂચના કરેલ ફરી તમે અહીં જોવા મળશો તો તમારી સામે કાયદેસરની કાર્યવાહી થશે તેમ જણાવેલ.

(૯) તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. કે.એમ.સૈયદ તથા લોકરક્ષક ઉર્મિલાબેન દ્વારા ગોઢાણીયા કોલેજ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન ગોઢાણીયા કોલેજમાં અભ્યાસ કરવા માટે આવતી વિદ્યાર્થી બહેનોને માર્ગદર્શન આપેલ કે તમે લોકો કોલેજ અભ્યાસ કરવા આવતા જતા રસ્તામાં તમને કોઈ આવારા તત્વો તમારો પીછો કરે કે તમને  હેરાન પરેશાન કે પજવણી કરે તો તમારે હેરાન પરેશાન થવાની જરૂર નથી વિના સંકોચે ૧૦૦ નંબર તથા મહીલા હેલ્પલાઈન નં.૧૮૧ માં ફોન કરી પોલીસ મદદ મેળવી શકો છો તેમજ મહિલા પોલીસ સ્ટેશનની મદદ લઈ શકો તે અંગે સમજ કરેલ.

(૧૦) તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ મહીલા પો.સ્ટે.ના પી.એસ.આઇ કે.એમ.સૈયદે દ્વારા લુહાણા મહાજન વંડી પાસે ફૂટપાથ પાસે ભીખ માંગી રહેલ ભીક્ષુકની મુલાકાત લઈ નામ પૂછતા પોતાનુ નામ જેન્તીભાઈ કારાભાઈ સોલંકી ઉ.વ.૭૫ પોરબંદર વાળા ભીખ માંગીને પોતાનું જીવન ગુજારતા હોય તેમના પરિવાર વિશે માહિત મેળવેલી અને ભિક્ષા નહીં માંગવા અને તમારા પરિવાર સાથે મિલન કરાવવા અને ઘરે મુકવા આવવા પોલીસ મદદ કરવા તૈયાર છે. તેમ જણાવેલ અને જો તમારા પરિવારના સદસ્યો કોઈ તમોને રાખવા તૈયાર ન હોય તો વૃદ્ધાશ્રમમાં આશ્રય માટે મુકવા આવવા પોલીસ મદદ કરવા માટે છે.

(૧૧) તા.૧૨/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ કે.એમ.સૈયદ દ્વારા નરસંગ ટેકરી ખાતે ટ્રાફિક અવેરનશની માહિતી આપેલ જેમા નવા ટ્રાફિક નિયમો શું છે. સગીરવયના બાળકોને વાલીઓએ વાહન ચલાવવા આપવુ નહિ જો સગીરવયના બાળકો વાહન ચલાવતા તો તેમના વાલી સામે કાયદેસરની કાર્યવાહી થશે તેના વિશે માહિતી આપેલ. જેમા વાહન ચાલકોને

વાહન ચલાવતી વખતે વાહન ને લગતા તમામ દસ્તાવેજો જેવા કે લાઈસન્સ, પીયુસી, વીમો, આર.ટી.ઓને લગતા વાહનના જરૂરી ડોકયુમેન્ટો સાથે રાખવા. તેમજ રોંગસાઈડ વાહન ચલાવવુ નહિ અને વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કયારેય કરવો નહી. તેમજ ૧૦૦ નંબર અને ૧૦૧ ફાયર બ્રિગેડ ,૧૦૮ એમ્બ્યુલન્સ , ૧૦૯૫ ટ્રાફિક હેલ્પલાઈન નંબરો વિશે માહિતગાર કરેલ. તેમજ આવનાર તહેવાર મકરસંક્રાંતિના તહેવારો અનુસંધાને લોકજાગૃતિ માટે લોકોને પતંગોનુ વિતરણ કરવામાં આવેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર